**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૭/૦૩/૨૦૧૫ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૬ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૪૪ ક્વૉટર ઇગ્લીશ દારૂ અને ૭૨ બિયર ટીન કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૦૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૬૦૧/૧૫**

**નારણપુરા** : ગીતાબેન રામઅવતાર વૈશ્ય (રહે. ઉમિયાનગર સોસાયટી કલ્પતરૂ ફ્લેટની સામે, નવાવાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૩/૧૫ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી અજાણી વ્યક્તિ પોતાની પુત્રી રૂચી (ઉ.વ.૧૬) નું અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.ભીલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૬૦૨/૧૫**

**ઓઢવ** : **(૧)** રણજીતભાઇ બુટાભાઇ પટેલ (રહે.તક્ષશીલા ઇકોગ્રીન એપાર્ટમેન્ટ, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૬/૩/૧૫ નાં કલાક ૧૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.ખાંટ ચલાવે છે.

**(૨)** નિર્મળાબહેન અશોકભાઇ પટેલ (રહે. ગેલેક્ષી હાઇટ, નીકોલ રીંગ રોડ, દાસ્તાન સર્કલ આગળ, પાવર હાઉસ પાસે, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૬/૩/૧૫ સાંજનાં ૬/૧૫ થી ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જી.ખાંટ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૬૦૩/૧૫**

**વસ્ત્રાપુર** : તેજબીરસીંગ અજીતસીંગ નરુલા (રહે. ઈસ્ટ ઓફ કૈલાસ, ન્યુ દિલ્હી) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૩/૧૫ સાંજનાં ૬/૩૦ થી રાતનાં ૮/૩૦ વાગ્યા દરમ્યાન બોડકદેવ પ્લેટીનમ પ્લાઝા આગળ પાર્ક કરેલ તેજબીરસિંગની આઇ.૨૦ કાર નંબર જીજે.૨૭.કે.૩૯૪૬ નો પાછળનો કાચ તોડી કારમાંથી એક બેગ કે જેમાં લેપટોપ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-, રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/-, મોબાઇલ ચાર્જર તથા જરૂરી દસ્તાવેજો હતા તેમજ પોતાની સાથે કામ કરતાં પ્રફુલસિંગ હંસરાજસીંગ નાઓની બેગ કે જેમાં ટેબલેટ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- રોકડા રૂપિયા ૭૫,૦૦૦/-, માઉસ, પેનડ્રાઇવ, મોબાઇલનાં ચાર્જર અને રૂપિયા ૪૦૦/- મુકેલ પર્સ હતુ. જે બે બેગો તેમજ રાતનાં ૯/૦૦ થી ૯/૪૫ વાગ્યા દરમ્યાન માનસી ચાર રસ્તા આગળ પાર્ક કરેલ સાહેદ પ્રશાંત તીલકરાજ સુગંધ નાઓની સ્વીફ્ટ ડીઝાયર કાર નંબર જીજે.૦૧.આર.એચ. ૮૩૩૯ નો કાચ તોડી કારમાંથી લેપટોપ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- સેમસંગ મોબાઇલનાં ચાર્જરો, માઉસ, પેનડ્રાઇવ અને જરૂરી દસ્તાવેજો મળી કુલ્લે રૂપિયા ૨,૩૦,૪૦૦/- મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કીરીટસીંહ કાનાજી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૦૪/૧૫**

**રામોલ** : મધુસુદનભાઇ જયવંતલાલ દોશી(ઉ.વ.૬૨)(રહે.શાંતિનીકેતન એપાર્ટમેન્ટ, કે.કે.વિહોલ, કાલાવાડ રોડ, રાજકોટ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૩/૧૫ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે બરોડા એક્સપ્રેસ હાઇ-વે નિલકંઠ રેસીડેન્સી સામે, અજાણ્યા ફોરવ્હીલ ગાડીના ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, મધુસુદનભાઇના માતા મુક્તાબહેન બેઠા હતા તે ગાડીને પાછળથી ટક્કર મારતાં મુક્તાબહેનને ગંભીર ઇજાઓ થતાં, સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યું હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ડી.કે.ગામેતી ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.